# સુધર્મ ૯

## એફપીઓ દ્વારા કાયદાકીય પાલન




apmas


संचालक मंडळाची
सभा

૬

# સુધર્મ

## એફપીઓ દ્વારા કાયદાકીય પાલન

એફપીઓના બીઓડી સભ્યો માટે
સ્વયં શિક્ષણ ની પુસ્તિકા





DGRV apmas BAIF

# સુધર્મ

## એફપીઓ દ્વારા કાયદાકીય પાલન

પ્રથમ આવૃત્તિ- જુલાઈ ૨૦૧૯

બીજી આવૃત્તિ - મે ૨૦૨૧

કિંમત- રૂ ૧૦૦

પ્રજોત્પતિના હકો અબાધિત. APMAS અને DGRV લોગોઝ વાપરીને
સામગ્રીને APMAS ની પરવાનગી દ્વારા રીપ્રિન્ટ કરી શકાય છે.

પુસ્તકોનો ઓર્ડર કરવા માટે તમે APMAS અને BAIF ઓફિસનો ફોન
અથવા મેઈલ દ્વારા સંપર્ક કરી શકો છો.

ના દ્વારા પ્રકાશિત
મહિલા અભિવૃધ્ધિ સોસાયટી **(APMAS)**
પ્લોટ ૧૧ અને ૧૨ હુડા કોલોની, તનિષા નગર, મનિકોન્ડા
હૈદ્રાબાદ -૫૦૦૮૯ , તેલંગણા, ભારત
ઓફિસઃ ૦૮૪૧૩-૪૦૩૧૧૮ / ૦૮૪૧૩-૪૦૩૧૨૦
મેઈલ આઈડિઃ- info@apmas.org વેબસાઈટ- www.apmas.org

અને

**BAIF** ડેવલોપમેન્ટ રીસર્ચ ફાઉન્ડેશન
ડો. મણિભાઈ દેસાઈ નગર, વારજે
પૂણે ૪૧૧૦૫૮, મહારાષ્ટ્ર, ભારત
ઓફિસઃ ૦૨૦-૨૫૨૩૧૬૬૧
મેઈલ આઈડિઃ- baif@baif.org.in વેબસાઈટ: www.baif.org.in

# એફપીઓના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ માટે સ્વયં શિક્ષણની પુસ્તિકા શા માટે?

ભારતીય ખેડુતો અનેક પડકારોનો સામનો કરી રહ્યા હોવા છતાં, કૃષિ ક્ષેત્રે ગત દાયકામાં નોંધપાત્ર પ્રગતિ સાધી છે. ખેડૂત નિર્માતા સંગઠનો (એફપીઓ) ની જેમ ખેડુતોને તેમના સંગઠનોમાં સંગઠિત કરવાની વાત નીતિઓનું ઘડતર કરનારાઓ અને વ્યવસાયિકોમાં ખેડૂત સમૃદ્ધિ માટે સૌથી પ્રાધાન્યવાળી સંસ્થાકીય પદ્ધતિ તરીકે ઉભરી આવી છે. એફપીઓ એ આગામી પાંચ વર્ષમાં ભારતમાં ખેડુતોની આવક બમણી કરવા માટેની અસરદાર વ્યૂહરચના છે. ભારતમાં જુદી જુદી એજન્સીઓ દ્વારા લગભગ ૫,૦૦૦ એફપીઓ બનાવવામાં આવી છે અને બીજી વધુ એફપીઓ બનાવવામાં આવી રહી છે. તેલુગુ રાજ્યો જેવા કે આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં આશરે ૭૦૦ એફપીઓ છે. એફપીઓની ચળવળ હજી પણ પ્રારંભિક તબક્કે છે જ્યારે એફપીઓના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ તેમના પ્રોત્સાહકો પર આધારિત છે, કારણ કે, તેમની પોતાની દૂરંદેશીતા, વ્યવસાયલક્ષીતા અને ક્ષમતાઓ હજુ મર્યાદિત છે કેમ કે તેમને ખૂબ જ મર્યાદિત તાલીમ આપવામાં આવી રહેલ છે. એફપીઓ એક સક્ષમ, સુયોગ્ય રીતે પ્રશિક્ષિત અને પ્રતિબદ્ધ સીઈઓ ન મેળવી શકવાના પડકારનો સતત સામનો કરી રહ્યા છે. એફપીઓ સારૂ શાસન, વ્યવસાયનું સંચાલન, અસરકારક વ્યવસ્થા, નાણાં અને બજારો તેમજ સરકારી યોજનાઓ સુધીની પહોંચ જેવા અન્ય ઘણા પડકારોનો સામનો કરે છે. કૃષિ-મૂલ્યની સાંકળના વિકાસને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરવાની ક્ષમતા એફપીઓ માટે હજુ દૂરની વાત છે.

એફપીઓના નિયામક મંડળની ક્ષમતાઓ અને સક્ષમતાઓનું ઘડતર એ એફપીઓની સફળતા અને એક એવી વ્યાવસાયિક સંસ્થા તરીકે ઊભરી આવવા માટે પાયાની પૂર્વ શરત છે કે જે કૃષિ ક્ષેત્રે સભ્ય-ખેડુતોનો નફો વધારવા માટે તેમને આવશ્યક એવી વિવિધ પ્રકારની જરૂરિયાત આધારિત સેવાઓ પ્રદાન કરતી હોય છે. એફપીઓના સંવર્ધન કેન્દ્રો દ્વારા ચાલતા એફપીઓના નિયામક મંડળ, કર્મચારીગણ અને વધુમાં તમામ સભ્યોને સતત તાલીમ અને માર્ગદર્શન એ એપીએમએએસની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ જ કારણે અમે વધુમાં વધુ સંખ્યામાં એફપીઓને પ્રોત્સાહિત કરવાના અને તેમના માર્ગદર્શન આપવામાં સંકળાયેલા છીએ કે જેથી તેઓ કૃષિ મૂલ્યના વિકાસ સાંકળની પહેલ સાથે યોગ્ય રીતે જોડાઈ શકે.

એફપીઓ માટે ની માર્ગદર્શિકાઓ અને મોડ્યુલોની સમીક્ષા કર્યા પછી, અમને એ જાણવા મળ્યું કે એફપીઓના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ માટે ગુણવત્તા યુક્ત વ્યવહારુ અને ઉપયોગ કરવામાં સરળ એવા સ્વ-અધ્યયનના મોડ્યુલો ઉપલબ્ધ નથી. સંસ્થાઓના પોતાના નિયમો અંગે મોડ્યુલો વિકસાવવાના અમારા જબરદસ્ત અનુભવ અને સંસ્થા થકી નિર્માણ કરેલ તાલીમનો ૧૮ વર્ષના

અનુભવના આધારે, શ્રી મધુ- મૂર્તિ અને શ્રીમતી રામલક્ષ્મીની આગેવાની હેઠળ એપીએમએએસની ટીમે એક વર્ષ કરતા વધુ સમય સુધી  અનેક  સંગઠનો,  સહભાગી એનજીઓ, તાલીમ સંસ્થાઓ અને એફપીઓના પ્રતિનિધિઓ મળીને ઉપયોગ કરવામાં સરળ એવી ૧૨ સ્વયં શિક્ષણ મોડ્યુલોની એક સિરીઝ વિકસાવી છે. જે એફ.પી.ઓ. ની આવશ્યકતા અને મહત્વને આવરી લે છે. સાથે જ તે સંસ્થાકીય ડિઝાઇન, સભ્યપદ, નેતૃત્વ અને શાસન, વ્યવસ્થાપન, નોંધણી અને કાયદા પાલન ની વ્યાવસાયિક યોજના, ઉત્પાદકતામા વૃદ્ધિ, સામૂહિક માર્કેટિંગ ઇનપુટ અને આઉટપુટ, ફાર્મ સર્વિસ સેન્ટરનું સંચાલન, હિસાબી અને નાણાકીય વ્યવસ્થાપનનો પણ સમાવેશ કરેલ છે.

એક સ્વાયત્ત લોકશાહી ઢબે ચાલતા વ્યવસાય હોવાના નાતે એફપીઓમાં હંમેશા તેના નિયામક મંડળ અને ઓફીસ સ્ટાફની  ક્ષમતાઓના વિકાસની આવશક્યતા હોય છે. કારણ કે  અંહી સમયાંતરે ચૂંટણી યોજાતી હોય છે  અને નિયામક મંડળમાં પરીવર્તન  થતું રહે છે. અમને વિશ્વાસ છે કે વાપરવામાં સરળ એવા આ સ્વયં શિક્ષણ મોડયુલ એફપીઓને એક સક્ષમ અને  પોતાના સદસ્યોને મદદરૂપ થવામાં તેમજ સમર્થ બનવા અત્યંત ઉપયોગી સાબિત થશે.  એફપીઓ ઊભી કરનારાઓને સ્વયં શિક્ષણ  મોડ્યુલ કીટ્સમાંથી શીખવા માટે વ્યવસ્થિત રીતે એફપીઓના  બોર્ડ ઓફ ડીરેક્ટર્સને ટેકો આપવો પડશે. એફપીઓ આત્મ નિર્ભર બને અને પોતાના ઉદ્દેશો પાર પાડવામાં સક્ષમ રીતે વ્યાવસાયીક સંસ્થાન બની રહે તે  માટે તેમને  અસરકારક માર્ગદર્શન પૂરું પાડવા  એફપીઓ ના પ્રમોટર્સ તેમજ અન્ય સહભાગીઓ પણ એફપીઓ બોર્ડ ના સ્વયં શિક્ષણ મોડ્યુલ કીટનો લાભ મેળવી શકશે.  જ્યારે એપીએમએએસ એ માંગના આધારે તેલુગુ અને અંગ્રેજી ભાષામા સ્વ:અધ્યયન કરવાની જવાબદારી લીધી છે, સંશોધન સંસ્થાઓ, રાજ્ય સરકારો, નાબાર્ડ અને તાલીમ એજન્સીઓ દ્વારા મોડ્યુલ યોગ્ય રીતે અન્ય ભારતીય ભાષાઓમાં અનુવાદિત થઇ શકે છે. એપીએમએએસ આવા પ્રયત્નોનું ચોક્કસ સમર્થન કરશે. અમે આ પુસ્તિકાનાં ગુજરાતી ભાષાનાં અનુવાદ માટે બાયફ ટીમ તથા સજ્જતા સંઘ નાં  શ્રી. બાલન સર ના આભારી છીએ. વધુ પ્રતિસાદ માટે આગળ જુઓ!

શુભેચ્છા સહ

એપીએમએએસ વતી

શ્રી સી. એસ. રેડ્ડી

**APMAS**

# અનુક્રમણિકા


| | |
|---|---|
| એફપીઓ બોર્ડ ઑફ ડિરેક્ટર્સ માટે સ્વયં શિક્ષણની પુસ્તિકા શા માટે? | 3 |
| શીખવાની માર્ગદર્શિકા વિષે | 5 |
| શબ્દસંગ્રહ / ટુંકા નામો | 7 |
| બેઝલાઈન | 10 |
| 1. કાનૂની અમલ - જરૂર અને લાભ | 11 |
| 2. નોંધણી અધિનિયમ હેઠળ કાનૂની અમલ | 14 |
| 3. કાનૂની લાઇસન્સ અને પરમિટ્સ | 19 |
| અંત રેખા | 28 |

# શીખવાની માર્ગદર્શિકા વિષે

## બીઓડી માટે લર્નિંગ


1. એફપીઓ: પરીચય અને તાર્કિક આધાર
2. સંસ્થાકીય માળખુ અને એફપીઓ નુ આલેખન
3. એફપીઓ મા સભ્યપદ
4. એફપીઓમા શાશન
5. એફપીઓનુ સંચાલન
6. **એફપીઓમા કાયદાકીય જોડાણો**
7. વ્યાવસાયિક યોજના
8. એકાઉન્ટીંગ અને ફાઇનાન્સ
9. પોસ્ટ હાર્વેસ્ટ અને સપ્લાય ચેઇન મેનેજમેન્ટ
10. માર્કેટિંગ
11. ખેત ઉત્પાદક્તા ની ઉન્નત સેવાઓ
12. આગેવાની


કાયદાકીય જોગવાઈઓ નું પાલન કરવું અને તેની જરૂરિયાતો ઉપર આ મોડ્યૂલ આધારિત છે. કાયદાકીય પાલન એ BoD સભ્યોનું સૌથી મહત્વનું કાર્ય છે, આ મોડ્યુલ આ મુદ્દાને સ્પર્શે છે જેથી BoD સભ્યોને તે મુજબ તૈયાર કરી શકાય.

### હેતુ

આ મોડ્યુલનો હેતુ એફપીઓના સભ્યોને જરૂરી અભિગમ સાથે સજ્જ કરવાનો છે જેથી તેઓ તેમની ભૂમિકાને અસરકારક રીતે ભજવી શકે અને તેમના એફપીઓને તેમના સભ્યોને ફાયદાકારક વાઇબ્રેન્ટ કંપનીઓમાં દોરી શકે.

લક્ષ્યાંક જૂથ: આ મોડ્યુલ ખેડૂત ઉત્પાદક સંસ્થાઓના બોર્ડ ઑફ ડિરેક્ટર્સના સભ્યો માટે છે. આ મોડ્યુલ એક વર્ષ થી વધારાનો અનુભવ ધરાવતા વ્યક્તિઓ માટે છે. બીઓડીના સભ્યોને તેમના એફપીઓ ચલાવવાનો ઓછામાં ઓછા અમુક વર્ષનો અનુભવ હોવો જોઈએ.

### ઉદ્દેશો શીખવા

કાનૂની અમલ પર આ મોડ્યુલના મુખ્ય ઉદ્દેશો નીચે આપેલા છે.

★ FPOs માટે કાનૂની પાલનની જરૂરિયાત અને ફાયદા વિશે જાગૃત રહેવા માટે.

- ★ નોંધણીના કાયદા હેઠળ વિવિધ અમલ સાથે પરિચિત થવા માટે.
- ★ FPOs ની જરૂરિયાત અને વિવિધ પ્રકારના કાનૂની લાઇસન્સ / પરમિટ વિશે જાણવા.

## રચના અને સમાવિષ્ટો

ઉદ્દેશોમાં સૂચવ્યા મુજબ, આ મોડ્યુલ કાયદાકીય પાલનની જરૂરિયાત અને મહત્વ પર BoD સભ્યોમાં જરૂરી સંવેદના બનાવવાથી શરૂ થાય છે. FPOs માટે જરૂરી વિવિધ કાનૂની જોગવાઈઓ જરૂરિયાતો અને લાઇસન્સ પરમીટ માટે છે.

## કેવી રીતે ઉપયોગ કરવો

બીઓડી સભ્યો મોડ્યુલો નો ઉપયોગ તેમના પોતાની રીતે કરી શકે છે અથવા મોડ્યુલોમાંથી શીખવાની સુવિધા માટે બાહ્ય રિસોર્સ પર્સન પણ મેળવી શકે છે. મોડ્યુલની સાથે, મોડ્યુલને લગતા પોસ્ટરો પણ છે, જે બીઓડી સભ્યો તાલિમ માટે સંબંધિત સ્થળોએ પ્રદર્શિત કરી શકે છે.

અમે ઇચ્છીએ છીએ કે તમે આ મોડ્યુલમાંથી શીખવાની મજા લો અને વધુ અસરકારક અને સક્ષમ રીતે તમારા એફપીઓને સંચાલિત કરો.

# શબ્દસંગ્રહ / ટૂંકા નામો

| | | |
|---|---|---|
| **આર્ટિકલ્સ ઑફ એસોસિએશન (AoA) (એઓએ)** | : | સહકારી સંસ્થાઓના નિયમો મુજબ આ આર્ટિકલ્સ ઑફ એસોસિએશન (એઓએ) કંપની માટે છે. કંપનીના કાર્યો માટેના નિયમોને નિર્દિષ્ટ કરે છે અને કંપનીના ઉદ્દેશ્ય અને હેતુને પ્રાપ્ત કરવાના માર્ગો અને માર્ગોની વ્યાખ્યા આપે છે.<br><br>આ બોર્ડે તૈયાર કરવાનું રહેશે અને તેમને કંપનીના રજિસ્ટ્રાર દ્વારા મંજૂરી લેવી પડશે. એઓએમાં કોઈપણ સુધારો ફક્ત બોડી દ્વારા કરી શકાય છે અને કંપનીના રજિસ્ટ્રાર દ્વારા મંજૂરી લેવાની રહેશે. |
| **સમિતિની વાર્ષિક સામાન્ય સભા (AGM)** | : | વાર્ષિક સામાન્ય સભા અથવા સામાન્ય સભા એ FPO ની સમિતિની વાર્ષિક સામાન્ય સભા છે. FPO ના મુખ્ય નીતિ વિષયક નિર્ણયો લેવા માટે AGMs હાથ ધરવામાં આવે છે જેમ કે ઑડિટ કરેલા નાણાકીય પત્રકો, વાર્ષિક યોજનાઓ, રોકાણો અને ભંડોળમાં વધારો, ઓડિટરની નિમણૂક, બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણી વગેરે. |
| **APMC લાઇસન્સ** | : | કૃષિ ઉત્પાદક બજાર સમિતિ (APMC) લાઇસન્સ APMC, કૃષિ માર્કેટિંગ વિભાગ દ્વારા જારી કરવામાં આવે છે. |
| **AGMARK** | : | કૃષિ માર્કેટિંગનું પ્રમાણપત્ર માર્કેટીંગ અને નિરીક્ષણના ડિરેક્ટર, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવે છે. |
| **બોર્ડ / બોર્ડ ઑફ ડિરેક્ટર્સ (બીઓડી)** | : | નીતિ વિષયક નિર્ણયો લેવા અને એફપીઓ તેના સભ્યો માટે કામ કરે છે તેની ખાતરી કરવા માટે બોર્ડ ની સંચાલક મંડળ છે. એફપીઓના બોર્ડની રચના જનરલ બોડી એટલે કે એફપીઓના સભ્યો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| **પેટા કાયદા** | : | પેટા કાયદા કૉ ઓપરેટીવ સોસાયટી ને સુચારુ રૂપે ચલાવવા માટે જરૂરી છે. દરેક સહકારી મંડળી ને પોતાના પેટા કાયદા હોય છે.<br><br>બોર્ડે પેટાકાયદા તૈયાર કરાવવાના છે અને તેઓને સહકારી મંડળના રજિસ્ટ્રાર દ્વારા મંજૂરી લેવી પડશે. પેટાકાયદા માં કોઈપણ સુધારો ફક્ત જનરલ બોડી દ્વારા કરી શકાય છે અને તે સહકારી મંડળના રજિસ્ટ્રાર દ્વારા મંજૂરી લેવાની રહેશે. |
| **સંગઠન** | : | સંગઠન એક  ઔપચારિક, માન્યતા પ્રાપ્ત વ્યવસ્થા છે જે સંપત્તિ લેવા, વેંચવા, દેખરેખ રાખવા વગેરે કરવા માટે સક્ષમ હોય છે. તેઓ બીજા સંગઠનો સાથે કરારબદ્ધ થઇ વ્યાપાર કરશે |
| **બોર્ડની સભા** | : | FPO ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા કરવામાં આવેલ સભા. એફપીઓના બાયલોઝ / એઓએ બોર્ડની મીટિંગ કયા સમયગાળાની અને તે રીતે નક્કી કરવામાં આવે છે, તેમ છતાં, શ્રેષ્ઠ પ્રથા મુજબ બોર્ડ દર મહિને ઓછામાં ઓછી એક વખત મળવી જોઈએ. સહકારી મંડળી:સહકારી અધિનિયમ અંતર્ગત આંધ્રપ્રદેશ મ્યુચ્યુઅલ ના કોઓપરેટિવ સોસાયટી એક્ટ, ૧૯૯૫) હેઠળ નોંધાયેલ એફપીઓ સહકારી મંડળી કહેવામાં આવે છે. |
| **CEO/ મેનેજર/ જનરલ મેનેજર** | : | દરેક FPO પાસે પૂર્ણ સમયના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) અથવા હોદ્દો કોઈપણ હોય (મેનેજર, જનરલ મેનેજર વગેરે) હોવા જરૂરી છે.  CEO, બોર્ડના સામાન્ય અધીક્ષક, નિર્દેશન અને નિયંત્રણ હેઠળ FPO ની બાબતોનું સંચાલન કરશે અને FPO ની કામગીરી માટે જવાબદાર રહેશે. |
| **એફપીઓ (ખેડૂત ઉત્પાદક સંગઠન)** | : | ખેડૂત ઉત્પાદક સંગઠન (એફપીઓ) નોંધણી પામેલ સંસ્થા છે જેની માલિકી અને તેમના ખેડૂત સભ્યો દ્વારા નિયંત્રિત છે એફપીઓ નો  ઉદ્દેશ તેના સભ્યોને જરૂરી સેવાઓ પૂરી પાડીને સામાન્ય જરૂરિયાતો પૂરી કરવાનો છે. એફપીઓ કૃષિના સંલગ્ન  પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે. એફપીઓ પંજીકૃત |

સંસ્થાઓ હોવાથી, તેમની પાસે / ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટાફ, સિસ્ટમો હોવી જરૂરી છે અને તેનું સંચાલન બોર્ડ ઑફ ડિરેક્ટર્સ દ્વારા થતું હોવું જોઈએ.

FSSAI : ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (FSSAI) આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા જારી કરાયેલું પ્રમાણપત્ર, ખાદ્ય ઉત્પાદનો માટે સલામતી અને ધોરણોને નિયમન કરવા માટે ભારત સરકાર

જીએસટી : ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) ભારત માં સમાનરૂપે લાવવામાં આવતા માલ અને સેવાઓ પરનો વ્યાપક કર છે.

MSME પ્રમાણપત્ર : ઉદ્યોગ વિભાગ દ્વારા જારી કરાયેલ માઇક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઇઝ પ્રમાણપત્ર (જિલ્લા મેનેજર, જિલ્લા ઔદ્યોગિક કેન્દ્ર)

પાન : કાયમી એકાઉન્ટ નંબર (પાન) આવકવેરાનું નિયમન કરવા માટે વ્યક્તિઓ અને રજિસ્ટર્ડ સંસ્થાઓને આવકવેરા વિભાગ દ્વારા જારી કરવામાં આપેલી અનોખી સંખ્યા છે.

નિર્માતા કંપની : કંપની એક્ટ ૨૦૧૩ હેઠળ નોંધાયેલા એફપીઓને પ્રોડ્યુસર કંપની કહેવામાં આવે છે. પ્રોડ્યુસર કંપનીનો અર્થ છે કે બોડી કોર્પોરેટ નો હેતુ અથવા પ્રવૃત્તિઓ ધરાવતા જેની કલમ ૫૮૧બી માં ઉલ્લેખિત છે અને કંપની અધિનિયમ ૨૦૧૩ હેઠળ નિર્માતા કંપની તરીકે નોંધાયેલ છે.

PGS : સહભાગી ગેરંટી સિસ્ટમ (PGS); અધિકૃત એજન્સીઓ (કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર) દ્વારા જારી તૃતીય પક્ષનું પ્રમાણપત્ર. સહભાગિતા બાંયધરી સિસ્ટમ (PGS-ભારત) એ ગુણવત્તાની ખાતરી માટેની સિસ્ટમ છે કે જે સ્થાનિક રીતે સંબંધિત છે, હોદ્દેદારોની ભાગીદારી પર ભાર મૂકે છે.

રિટર્ન્સ ફાઇલિંગ : ડિરેક્ટરણો અહેવાલ, ઑડિટ કરેલી બેલેન્સશીટ અને નફા-ખોટ ખાતા સાથેની દરેક વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી રજિસ્ટ્રારને FPO

નોંધાયેલ હોય તેવા કાયદામાં ઉલ્લેખિત મુજબ નોંધાવવામાં આવશે.

**કરવું** TAN : આવકવેરા કપાત અને જમા કરવાના હેતુસર પણ આવકવેરા વિભાગ દ્વારા ટેક્સ ડિડક્શન અને કલેક્શન એકાઉન્ટ નંબર (TAN) જારી કરવામાં આવે છે.

# બેઝલાઈન

"લર્નિંગ મોડ્યુલ વિશે" ના પહેલાના વિભાગમાં આપેલ મુજબ, આ મોડ્યુલ "FPOs માં કાનૂની અમલ" વિષય પર આધારિત છે.

આ વિષય પર તમારા માટે કેટલાક મૂળ પ્રશ્નો આપ્યા છે. ચાલો આપણે આ પ્રશ્નોના જવાબ આપીએ. આનો હેતુ આ પ્રશ્નો વિશેની અમારી હાલની સમજનું સ્વ-મૂલ્યાંકન કરવાનો છે અને આ રીતે "FPOsમાં કાનૂની અમલ" વિષે વધુ શીખવા મળશે.

૧. કાયદાકીય રીતે સુસંગત રહેવા માટે **FPO**ની શું જરૂર છે?

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..

૨. **FPOs** માટે કયા જુદા જુદા લાઇસન્સ / પરમિટ જરૂરી છે?

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..

.. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. .. ..

# 1

# કાનૂની અમલ - જરૂર અને લાભ

## સત્ર ઉદ્દેશ



**FPOs માટે કાનૂની પાલનની જરૂરિયાત અને ફાયદા વિશે જાગૃત રહેવા માટે**

### વિષયવસ્તુઓ

૧. કાનૂની અમલની જરૂર
૨. કાનૂની અમલના લાભો

પહેલાના મોડ્યુલમાં, અમે FPOsમાં નિયમન વિશે જોયું હતું. જેમ કે આપણે તે મોડ્યુલમાં નોંધ્યું છે કે, FPOsમાં નિયમનના સૌથી મહત્વપૂર્ણ ઘટકમાં કાયદાકીય પાલનની ખાતરી કરવી. આ મોડ્યુલમાં, અમે કાનૂની પાલનની વિગતો સાથે વ્યવહાર કરીએ છીએ કે જે FPOs ની BoD દ્વારા સુનિશ્ચિત કરવાની રહેશે.

ચાલો આનો નીચે આપેલ કવાયતથી પ્રારંભ કરીએ.



**કવાયત:** ચાલો બે જુદી જુદી ખેડૂત નિર્માતા કંપની (FSCs) ના નીચેના બે કેસ સ્ટડી જોઈએ. આપણે તે સમજી ને તેના પરિણામો ની ચર્ચા કરવી પડશે. આપણે તેમાંથી પસાર થવાની અને આ બંને FPCs ના પરિણામો પર ચર્ચા કરવાની જરૂર છે.

### FPC ૧ :

આ FPCમાં દર વર્ષે AGM યોજવામાં આવે છે જ્યાં અન્ય વ્યવહાર સિવાય ડિરેક્ટરની જગ્યા ખાલી પડે છે. ગયા વર્ષ દરમિયાન, નિયમમાં જરૂરી સુધારા અને લાંબા ગાળાની યોજનાઓની મંજૂરી માટે, તેઓએ એક EGM પણ ગોઠવ્યું હતું.

૫ મી તારીખની નિશ્ચિત તારીખે દર મહિને બોર્ડ સભાઓ યોજવામાં આવે છે. બોર્ડે CEOની નિમણૂક પણ કરી. નાણાકીય વર્ષ સમાપ્ત થયા પછી ખૂબ જ ટૂંક સમયમાં વૈધાનિક ઑડિટ કરવામાં આવે છે. વાર્ષિક વળતર, GST રીટર્ન ફાઇલિંગ અને તમામ કાનૂની રજિસ્ટરની જાળવણી સમયસર કરવામાં આવે છે.

### FPC૨:

આ FPCમાં, બોર્ડ મીટિંગ્સ કરવામાં આવે છે, પરંતુ નિયમિત રીતે નહીં. ગયા વર્ષે AGM કરવામાં આવ્યું હોય તો પણ, તેઓ RoC (કંપનીના રજિસ્ટ્રાર) સાથે વાર્ષિક રિટર્ન ફાઇલ કરવાનું ભૂલી ગયા હતા. કાયદાકીય ઑડિટ પણ AGMની પહેલાં ઉતાવળમાં કરવામાં આવે છે. કાનૂની રજીસ્ટરોને અપડેટ કરવામાં આવ્યાં નથી. તેમની પાસે એક ક્વાર્ટરમાં કોઈ વ્યવસાયિક વ્યવહાર નથી અને તેઓએ વિચાર્યું કે તે ક્વાર્ટરમાં તેમને GST ફાઇલ કરવાની જરૂર નથી.

“FPOs - પરિચય અને તર્કસંગત” મોડ્યુલમાં ચર્ચા કર્યા મુજબ, એફપીઓ રજિસ્ટર્ડ એન્ટિટીઝ અને “બોડી કોર્પોરેટ્સ” છે. આનો અર્થ એ છે કે FPOs જમીનના કાયદા દ્વારા નિયમન કરવામાં આવે છે - તે કાયદા હેઠળ કે જેમાં તે નોંધાયેલ છે અને FPOની પ્રવૃત્તિઓ સંબંધિત અન્ય કાયદાઓ પણ. આમ, એ ખૂબ મહત્વનું છે કે FPOs સંપૂર્ણ કાયદાકીય રીતે સુસંગત સંસ્થાઓ છે અને આ સુનિશ્ચિત કરવું તે બોર્ડની પ્રાથમિક જવાબદારી છે.



## કાયદાકીય રીતે સુસંગત હોવાના ફાયદાઓ

- ★ કોઈપણ કાનૂની આવશ્યકતા માટે રક્ષક બનો - ઉદાહરણ તરીકે, સ્ટોરેજ પર તકેદારી દરોડા, હરીફ દ્વારા કોઈ કાનૂની કેસ, ખરીદદાર દ્વારા ચુકવણી ન કરવી વગેરે.
- ★ FPOs માટે મજબૂત સંસ્થાકીય પ્રણાલીના વિકાસ તરફ દોરી જાય છે - જેમ કે બુકીંગ, નિયમન, નિયંત્રણ વગેરે.
- ★ નાણાકીય પત્રકો, કાનૂની દસ્તાવેજો, કોલેટરલ વગેરે જેવી આવશ્યકતાઓને પૂર્ણ કરીને - FPOs માટે નાણાંનો સંગ્રહ
- ★ કરારમાં દાખલ થઈ શકે છે અને વ્યવહાર કરી શકે છે - જેમ કે પેદાશોના માર્કેટિંગ માટે ખરીદનારની સાથે
- ★ પારદર્શિતા અને જવાબદારીમાં ફાળો આપે છે

કાયદાકીય રીતે સુસંગત બનવાની જરૂરિયાત અને ફાયદા વિશે હવે સ્પષ્ટતા કર્યા પછી, ચાલો જોઈએ કે FPOએ કયા કાનૂની અમલને પૂર્ણ કરવાની જરૂર છે.



2

# નોંધણી અધિનિયમ હેઠળ કાનૂની અમલ

## સત્ર ઉદ્દેશ



નોંધણી અધિનિયમ હેઠળ વિવિધ અમલ સાથે પરિચિત થવા માટે

## વિષયવસ્તુઓ

૧.નિર્માતા કંપની માટે કાનૂની અમલ

## નોંધણી અધિનિયમ હેઠળ કાનૂની અમલ

આ સત્રમાં, ચાલો જોઈએ કે કંપની અધિનિયમ ૨૦૧૩ હેઠળ નિર્માતા કંપની તરીકે નોંધાયેલ FPO દ્વારા તમામ કાનૂની અમલને અનુસરવામાં આવે છે કે નહીં. તે મહત્વનું છે કે તમામ જરૂરી કાયદાકીય પાલનનું નિર્ધારિત સમયમાં પાલન કરવામાં આવે અન્યથા તે દંડ તરફ દોરી જશે.



# કોષ્ટક: નિર્માતા કંપની માટે કાનૂની અમલનું કેલેન્ડર

| # | અમલ | વિગતો | એપ્રિલ | મે | જૂન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બોર્ડની સભા  | એક વર્ષમાં ન્યૂનતમ ૪ (એક ક્વાર્ટરમાં એક) | ■ | | | ■ | | | ■ | | | ■ | | |
| ૨ | વૈધાનિક ઑડિટ  | દરેક નાણાકીય વર્ષ માટે | ■ | | | | | | | | | | | |
| ૩ | વિશેષ ઓડિટ  | રજિસ્ટ્રાર દ્વારા મંગાવવામાં આવે ત્યારે | ■ | | | | | | | | | | | |
| ૪ | વાર્ષિક સામાન્ય સમિતિ (AGM)  | વર્ષમાં એકવાર કરવી નાણાકીય વર્ષ પુરા થયા ના છ મહિના ની અંદર કરવાની રહે છે. | | | | | | ■ | | | | | | |
| ૫ | બોર્ડના સભ્યોની ચૂંટણી  | દર વર્ષે એક તૃતીયાંશ ની નિમણુંક થાય છે અને એક તૃતીયાંશ | | | | | | ■ | | | | | | |

| # | અમલ | વિગતો | એપ્રિલ | મે | જૂન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | RoC સાથે વાર્ષિક વળતર  | AGMના 30 દિવસની અંદર | | | | | | | | | | | | |
| ૭ | સામાન્ય ભંડોળ  | વર્ષ માં એક વાર | | | | | | | | | | | | |
| ૮ | ઑડિટરની નિમણૂક  | AGM દ્વારા | | | | | | | | | | | | |
| ૯ | GST રિટર્ન ફાઇલિંગ  | ૧૨ (મહિનામાં એકવાર) | | | | | | | | | | | | |

| # | અમલ | વિગતો | એપ્રિલ | મે | જૂન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | અસાધારણ સામાન્ય સભા (EGM)  | જરૂરિયાત મુજબ | | | | | | | | | | | | |
| ૧૧ | કાનૂની નોંધણીઓની જાળવણી  | દરેક સમયે | | | | | | | | | | | | |

**કવાયત:** હવે, અમારે FPO ઉપર જણાવેલ તમામ કાનૂની અમલનું અનુસરણ કરે છે કે કેમ તે જાણવા જેવું છે. જો નહીં, તો સમયના બધા અમલની ખાતરી કરવા માટે ક્રિયાત્મક બિંદુઓ શું હોઈ શકે?

# ગુનાઓ અને દંડ

FPCs દ્વારા જુદા જુદા ગુનાઓ માટે, દંડને કંપનીના અધિનિયમમાં નીચે આપેલ મુજબ નિર્દિષ્ટ કરવામાં આવ્યો છે.

### કોષ્ટક 1 : ગુનાઓ અને દંડ

| નં. | ગુનાની પ્રકૃતિ | સજાની માત્રા |
|---|---|---|
| 1 | કોઈપણ સભ્ય ઉત્પાદક કંપનીના વ્યવસાયની વિરુદ્ધ વ્યવસાયિક હિત પ્રાપ્ત કરે છે | સભ્ય પદ માંથી તેને કાઢી મુકવામાં આવશે બંધારણ ની જોગવાઈઓ મુજબ. |
| 2 | કોઈપણ ડિરેક્ટર આ કાયદા અથવા અન્ય કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે, માન્ય કરે છે અથવા કામ કરે છે | આવા મતદાન અથવા ક્રિયાને કારણે ડિરેક્ટર / ડિરેક્ટર્સે કંપનીને ખોટ, નુકસાન અથવા નફો કરાવવો જોઇએ |
| 3 | કોઈ સભ્ય અથવા અધિકૃત વ્યક્તિને કંપનીના કાર્યોથી સંબંધિત માહિતી આપવા માટે ડિરેક્ટર દ્વારા નિષ્ફળતા | પાછલા વર્ષમાં કંપનીના ટર્નઓવરનો ૫% સુધીનો દંડ૧ લાખ સુધીનો દંડ |
| 4 | હિસાબ, દસ્તાવેજો અથવા સંપત્તિના પુસ્તકોની કસ્ટડી ઉત્પાદક કંપનીને સોંપવામાં નિષ્ફળતા | અને વધારાના રૂ. ૧૦,૦૦૦ / - ચાલુ ડિફોલ્ટના દરેક દિવસ માટે |
| 5 | AGM અથવા સામાન્ય સભા બોલાવવામાં નિષ્ફળતા | ૧ લાખ સુધીનો દંડ અને વધારાના રૂ. ૧૦,૦૦૦ / - ચાલુ ડિફોલ્ટના દરેક દિવસ માટે |
| 6 | નિર્માતા કંપનીની એક વર્ષમાં તેનેય નિગમમાં વ્યવસાય શરૂ કરવામાં નિષ્ફળતા | તથ્યોની તપાસ કર્યા પછી અને ડિરેક્ટર્સને સાંભળવાની વાજબી તક આપ્યા બાદ ROC દ્વારા કંપનીના નામ પર પ્રહાર કરવો |

| क्र. | गुन्ह्याचे स्वरूप | शिक्षेचे प्रमाण |
|---|---|---|
| 7 | નિર્માતા કંપની સભ્યો સાથે વ્યવહાર કરવાનું બંધ કરે છે | |
| 8 | નિર્માતા કંપની અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ વસ્તુઓ લઈ રહી નથી | |
| 9 | નિર્માતા કંપની પારસ્પરિક સહાયતાના કોઈ પણ સિધ્ધાંતોનું સંચાલન કરી રહી નથી | |

કંપનીના અધિનિયમ નિયમોના આધારે પાલન અને દંડની વિગતો સમયાંતરે બદલાઈ શકે છે. આમ, BoD સભ્યોએ સમયાંતરે તમામ અમલની ખાતરી કરવા માટે રજિસ્ટર્ડ કંપની સેક્રેટરીની સેવાઓ લેવી જોઈએ.



3

# કાનૂની લાઇસન્સ અને પરમિટ્સ

## સત્ર ઉદ્દેશ



**FPOs માટે જરૂરી અને વિવિધ પ્રકારના કાનૂની લાઇસન્સ / પરમિટ્સ વિશે જાણવા માટે**

### વિષયવસ્તુઓ

1. કાનૂની લાઇસન્સ / FPOs માટે પરવાનગી
2. FPOs માં જાળવવા માટેના કાયદાકીય રજીસ્ટરો

## કાનૂની લાઇસન્સ / પરમિટ

રજિસ્ટર્ડ એક્ટ હેઠળ વિભિન્ન કાયદાઓનું અમલીકરણ ઉપરાંત FPOs પાસે તેમના ધંધા માટે જરૂરી લાઇસન્સ / પરમિટ હોવા જરૂરી છે. આ નીચેના કોષ્ટકમાં સૂચિબદ્ધ છે.



## કોષ્ટક: FPOs માટે સૂચક કાનૂની લાઇસન્સ / પરમિટ

| વ્યવસાય / પ્રવૃત્તિ | ક્રિયા | આવશ્યક લાઇસન્સ / પરવાનગી | સત્તામંડળ આપવું |
|---|---|---|---|
| ઇનપુટ વ્યવસાય   | બીજ | બીજ ઉત્પાદન અને વેચાણ માટેનું લાયસન્સ; બીજ પ્રમાણપત્ર લાઇસન્સ | કૃષિ વિભાગ; રાજ્ય બીજ પ્રમાણન એજન્સી |
| | ઇનપુટ શોપ | ઇનપુટ (ખાતરો, જંતુનાશકો) ડીલરશીપ; દુકાનો અને મથકો | કૃષિ વિભાગ; દુકાનો અને સ્થાપના અધિનિયમ, મજૂર વિભાગ |
| ખરીદી, સંગ્રહ અને વેચાણ   | ખરીદી | કૃષિ પેદાશ બજાર સમિતિ (APMC) લાઇસન્સ | APMC, કૃષિ માર્કેટિંગ વિભાગ |
| | ગુણવત્તા | કૃષિ માર્કેટિંગ (AGMARK) પ્રમાણપત્ર | માર્કેટિંગ અને નિરીક્ષણ ડિરેક્ટર, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર |
| | સંગ્રહ | વેરહાઉસ કમ્પ્લાયન્સ; ખાદ્ય અનાજનું લાઇસન્સ | વેરહાઉસિંગ ડેવલપમેન્ટ અને નિયમનકારી અધિકારી, રાજ્ય વેરહાઉસિંગ કોર્પોરેશન; નાગરિક પુરવઠા નિગમ |
| | વેચાણ | વજન અને માપદંડો | નાગરિક પુરવઠા નિગમ |

| વ્યવસાય / પ્રવૃત્તિ | ક્રિયા | આવશ્યક લાઇસન્સ / પરવાનગી | સત્તામંડળ આપવું |
|---|---|---|---|
| પ્રક્રિયા  | પ્રક્રિયા થયેલ ખોરાક | ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઓફ ઇન્ડિયા (FSSAI) નું પ્રમાણપત્ર | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર |
| | પ્રદૂષણ ઉદ્યોગ, ફેક્ટરી, માઇક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઇઝ (MSME) | પ્રદૂષણ નિયંત્રણ; ફેક્ટરી લાઇસન્સ; MSME પ્રમાણપત્ર | ઉદ્યોગ વિભાગ (જિલ્લા વ્યવસ્થાપક, જિલ્લા ઔદ્યોગિક કેન્દ્ર) |
| | | પાણીની પરમિટ | ગ્રામ પંચાયત |
| | | વીજળી પરમિટ | વીજળી વિભાગ |
| | | ફાયર સ્ટેશન પરમિટ | ફાયર સ્ટેશન |
| વ્યવસાય/ સેવાઓ  | માલ / સેવાઓ પર કર વ્યવહાર | ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST) | સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેકસીસ એન્ડ કસ્ટમ્સ, નાણાં મંત્રાલય, ભારત સરકાર |
| | આવક વેરો | કાયમી એકાઉન્ટ નંબર (PAN); ટેક્સ ડિડક્શન અને કલેક્શન એકાઉન્ટ નંબર (TAN) | આવકવેરા વિભાગ |
| ઉત્પાદન  | ઓર્ગનિક ઉત્પાદનો | સહભાગી ગેરંટી સિસ્ટમ (PGS); તૃતીય પક્ષનું પ્રમાણપત્ર | અધિકૃત એજન્સીઓ (કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર) |

## Sample Licences and issuing Authorities

### 1. બીજ પ્રમાણપત્ર


BK Tag No 454954
PADDY
Kind: IR-64
Variety: Apr-05-01-526(A)-5670
Lot No.:
"Use of the seed after expiry of the validity period by any person is entirely at his risk and the holder of the certificate shall not be responsible for any damage to the buyer of seed. No one should purchase the seed if seal of the certification tag has been tampered with".
Name and Full Address of Certified seed Producer: M/s. Vasantha Seeds (V) Settipalem, (M) Vemulapally, Nalgonda (Dist.)
APSSCA HYDERABAD
CERTIFIED SEED
Class of Seed:
Certificate No.: 106420
Date of Issue of Certificate: 13-06-05
Date of Test: 06-06-05
Certificate Valid up to 05-03-06
(Provided seed is stored under cool and dry environment)
Seed Certification Officer (Name and Place)
Validity of Certificate further extended up to
Seed Certification Officer (Name and Place)

### ૨. કાર્બનિક પ્રમાણન

PGS-INDIA ORGANIC

### ૩. એમએસએમઇ સત્તાધીશ

MSME
MICRO, SMALL & MEDIUM ENTERPRISES
सूक्ष्म, लघु एवं मध्यम उद्यम

### ૪ વેરહાઉસ ઓથોરિટી

WDRA
Warehousing Development & Regulatory Authority

### ૫. ખાદ્ય ઉત્પાદ ઓથોરિટી

fssai
FOOD SAFETY AND STANDARDS AUTHORITY OF INDIA
*Inspiring Trust, Assuring Safe & Nutritious Food*
Ministry of Health and Family Welfare, Government of India

### ૬. કૃષિ ઉત્પાદ ગુણવત્તા

भारत सरकार
AGMARK
GOVERNMENT OF INDIA

## ૭. ગુડ્ઝ સર્વિસ ટેક્સ




## ૮. એફપીઓ પાન કાર્ડ



आयकर विभाग
INCOME TAX DEPARTMENT
भारत सरकार
GOVT. OF INDIA

स्थायी लेखा संख्या कार्ड
Permanent Account Number Card
AAEAJ7676E

नाम / Name
JAI KISHAN AGRICULTURE PRODUCER MUTUALLY AIDED COOPERATIVE SOCIETY

31012019

निगमन/गठन की तारीख
Date of Incorporation/Formation
01/10/2018

## ૯. FPO ખાતર લાઇસન્સ

FORM A-2
ACKNOWLEDGEMENT
(See clause 8(3))

NEW

Authorization Letter Number : CTR/36/ADA/FR/2018/23839
Date of issue : 28/12/2018
Valid up to : 27/12/2021

1. Received from M/s. RAMASAMUDRAM MANDAL AGRICULTURAL PRODUCERS MUTUALLY AIDED CO-OPERATIVE FEDERATION LTD., RAMASAMUDRAM(V), RAMASAMUDRAM(M), PUNGANUR(DIV), CHITTOOR (DISTRICT).a complete memorandum of intimation along with Form "O", fee of Rs.2500/- by challan bearing No(s).21022853442018, Dt(s):14/08/2018.

2. This acknowledgement shall be deemed to be the letter of authorization entitling the applicant to carry on the business as applied for a period of 3 years from the date of issue of this Memo of acknowledgement unless suspended or revoked by the competent authority.

Date : 28/12/2018
Place : Punganur

Signature of Notified Authority

LETTER OF AUTHORIZATION TO CARRY ON THE BUSINESS OF SELLING OF FERTILIZERS AS A RETAIL DEALER IN GOVERNMENT OF ANDHRA PRADESH

M/s.RAMASAMUDRAM MANDAL AGRICULTURAL PRODUCERS MUTUALLY AIDED CO-OPERATIVE FEDERATION LTD., RAMASAMUDRAM(V), RAMASAMUDRAM(M), PUNGANUR(DIV), CHITTOOR(DISTRICT), is here by granted letter of authorization to carry on the business of selling fertilizers/bio fertilizers/Organic fertilizers in retail at the place specified below in the state of Andhra Pradesh subject to the terms and conditions specified below and to the provision of the Fertilizer (Control) Order,1985.

DESCRIPTION OF THE PLACE AND TYPE OF BUSINESS

| Place of business and personal responsible | Location of sale depot | Location of Godowns attached to sale depot | Type of Fertilizers | Source of Supply |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| M/s.RAMASAMUDRAM MANDAL AGRICULTURAL PRODUCERS MUTUALLY AIDED CO-OPERATIVE FEDERATION LTD., 6-57, Bajaar Street, Ramasamudram, Ramasamudram, Punganur, Chittoor.<br><br>Person Responsible List Enclosed | 6-57, Bajaar Street, Ramasamudram, Ramasamudram, Punganur, Chittoor.<br><br>(Godown also included) | Nil | List Enclosed | List Enclosed |

Seal :

Date : 28/12/2018

Place : Punganur

Signature of Notified Authority

# ૧૦. FPO- જીએસટી નોંધણીનું પ્રમાણપત્ર

सत्यमेव जयते

**Government of India**

**Form GST REG-06**

*[See Rule 10(1)]*

**Registration Certificate**

**Registration Number : 37AAALR1612H1Z7**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | **Legal Name** | RMS MANDAL AGRICULTURE PRODUCERS MUTUALLY | | | |
| 2. | **Trade Name, if any** | RMS MANDAL AGRICULTURE PRODUCERS MUTUALLY | | | |
| 3. | **Constitution of Business** | Local Authority | | | |
| 4. | **Address of Principal Place of Business** | 6-57, BAJAR STREET, RAMASAMUDRAM, Chittoor, Andhra Pradesh, 517325 | | | |
| 5. | **Date of Liability** | | | | |
| 6. | **Period of Validity** | From | 26/07/2018 | To | NA |
| 7. | **Type of Registration** | Regular | | | |
| 8. | **Particulars of Approving Authority** | | | | |

Signature

Validity unknown

Digitally signed by DS GOODS AND SERVICES TAX NETWORK 1
Date: 2018.07.26 00:19:34 IST

| | |
|---|---|
| Name | |
| Designation | |
| Jurisdictional Office | |
| 9. Date of issue of Certificate | 26/07/2018 |

Note: The registration certificate is required to be prominently displayed at all places of business in the State.

**કવાયત: ચાલો જુદા જુદા લાઇસન્સ / પરમિટની આવશ્યકતા પર અમારા FPO નું મૂલ્યાંકન કરીએ.**

| # | પ્રવૃત્તિ | આવશ્યક લાઇસન્સ / પરવાનગી | પ્રાપ્ત (Y/N) | લાઇસન્સની પ્રેક્ટિસ / નવીકરણ કરવામાં આવે છે (Y/N) |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

## કાનૂની રજીસ્ટરો

કંપનીઓના અધિનિયમ ૨૦૧૩ મુજબ, દરેક નિર્માતા કંપનીએ નીચેના કાનૂની રજીસ્ટરો જાળવવા પડશે.

### નિર્માતા કંપનીમાં કાયદાકીય નોંધણીઓની જાળવણી કરવામાં આવશે

- શુલ્ક નોંધણી
- સભ્યોની નોંધણી
- ડિરેક્ટરની નોંધણી અને તેમની શેરહોલ્ડિંગ.
- વાર્ષિક વળતરની નકલો
- બોર્ડ સભાઓની મિનિટ બુક અને બોર્ડની સમિતિની સભાઓ
- સામાન્ય સમિતિ સભાની મિનિટ બુક્સ
- ડિવિડન્ડની નોંધણી જાહેર કરાઈ અને બાકી ચૂકવેલું.
- હિસાબની યોગ્ય બુક્સ કંપની દ્વારા કરાયેલ લોન્સ અને રોકાણોનું રજીસ્ટર
- નવીકરણ અને ડુપ્લિકેટ શેર પ્રમાણપત્રોનું રજીસ્ટર

# અંત રેખા

કૃપયા યાદ કરો કે મોડ્યુલની શરૂઆતમાં, આપણી પાસે બેઝલાઇન હતી જેમાં અમે FPOs માં કાનૂની અમલ વિશેના કેટલાક મૂળ પ્રશ્નોના જવાબ આપ્યા.

હવે, જેમ આપણે આ મોડ્યુલના અંતમાં આવીએ છીએ, આ શીખવાના મોડ્યુલમાંથી પસાર થયા પછી વધારાની સમજણ અંગે આપણું મૂલ્યાંકન કરવા માટે એક અંત રેખા આપવામાં આવે છે.

તેથી, શું આપણે મોડ્યુલ પરના શીખવાના આધારે કેટલાક વધુ પ્રશ્નોના જવાબ આપીશું?

૧. કોઈપણ વ્યવસાય હોવા છતાં **FPOs** માટે ફરજિયાત લાઇસન્સ / પરમિટ કયા છે?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૨. કાનૂની અમલ ન કરવાના પરિણામો શું છે?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. નિર્માતા કંપની માટે કાનૂની બાબતોમાં વિવિધ સંભવિત ગુનાઓ કયા છે?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

# મોડ્યુલમાંથી મુખ્ય ક્રિયાના મુદ્દાઓ

## એફપીઓ દ્વારા કાયદાકીય પાલન

**ચાલો FPOs ના કાયદાકીય અમલ પરના આ મોડ્યુલમાંથી અમારા FPOs માટેના મુખ્ય ક્રિયા બિંદુઓ શું હોઈ શકે તેને સૂચિબદ્ધ કરીએ.**

## નોંધો

# સહકારી મૂલ્યો



સ્વ સહાય




સ્વ જવાબદારી



લોકશાહી



શેરભંડોળ



સમાનતા



એકતા




## એપીએમએએસ (APMAS) વિશે

એપીએમએએસ (APMAS) એ બિન-નફાકારક રાષ્ટ્રીય સ્તરની સંસાધન સંસ્થા છે, જે મહિલા સ્વસહાય જૂથો (એસએચજી (SHGs)), એસએચજી (SHG) ફેડરેશન, કો-ઓપરેટિવ્સ, ફાર્મર પ્રોડ્યુસર્સ ઓર્ગનાઈઝેશન (એફપીઓ (FPOs)) અને અન્ય સમુદાય આધારિત સંસ્થાઓ (સીબીઓ (CBOs)) જેવી લોકોના સશક્તિકરણ માટે કામગીરી કરે છે.





## સુધર્મ - એફપીઓ દ્વારા કાયદાકીય પાલન

એપીએમએએસ (APMAS) દ્વારા પ્રોત્સાહન આપવામાં આવેલું એફપીઓ ઇન્ક્યુબેશન સેન્ટર એફપીઓ (FPOs)અને એફપીઓ (FPO)સાથે ભાગીદારીમાં આ સંસ્થાઓને વ્યવહારુ અને ટકાઉ સાહસોમાં વિકાસ સાધવા માટે ઇન્ક્યુબેશન અને પોષણ સહાય પૂરી પાડવા માટેનું એક માત્ર કેન્દ્ર છે. તે આ સંસ્થાઓને મજબૂત કરવા માટે દ્રષ્ટિકોણ, વૈધાનિક અનુપાલન, વ્યવસ્થાપન, શાસન અને ક્ષમતાના નિર્માણ અને સંસ્થાના વિકાસનેલગતી સેવાઓ પૂરી પાડે છે. તે એફપીઓ (FPOs)ની વ્યાપારી ક્ષમતા વિકસાવવા માટે બિઝનેસ પ્લાનિંગ, નાણાકીય જોડાણો, માર્કેટિંગ અને ટેકનિકલ સહાય જેવી વ્યાપારી વિકાસ માટેનીસેવાઓ પણ પૂરી પાડે છે.

साहाय्य

DGRV

द्वारा प्रकाशित

BAIF

apmas